# પત્રક ભાગ–૩

# પંદરમી ગુજરાત વિધાનસભા

## ૨૯ નવેમ્બર ૨૦૨૫

### ૩૩૮. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિની બેઠક :–

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિની બેઠક મંગળવાર, તા.૧૧/૧૧/૨૦૨૫ના રોજ બપોરના ૦૨:૩૦ કલાકે ગુજરાત વિધાનસભા સચિવાલયના ચોથા માળે આવેલ સમિતિ ખંડ–૩માં મળી હતી. સમિતિની બેઠકમાં માર્ગ અને મકાન વિભાગના મહેકમની તપાસ હાથ ધરી હતી.

સમિતિએ માર્ગ અને મકાન વિભાગ હસ્તકની તાબા હેઠળની તાંત્રિક અને બિન–તાંત્રિક કચેરીઓ તથા રાજ્ય સરકાર તરફથી સહાયક અનુદાન મેળવતી વિભાગ હેઠળની સંસ્થાઓમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના તાંત્રિક અને બિન–તાંત્રિક કર્મચારીઓ/અધિકારીઓની નોકરીમાં સંખ્યા અને ટકાવારીની માર્ચ–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષના મહેકમની તપાસ હાથ ધરી હતી અને ઉક્ત મહેકમના વિવિધ સંવર્ગોમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની તથા અન્ય વર્ગોની ખાલી જગ્યાઓ ન ભરવવાના કારણો અંગેની ચર્ચા કરી હતી અને વહેલી તકે તમામ ખાલી જગ્યાઓ ભરવા જણાવેલ હતું. તે બાબતે વિભાગે જણાવ્યું હતુ કે, વિવિધ સંવર્ગોમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની તથા અન્ય વર્ગોની જગ્યાઓ ખાલી રહેવાના મુખ્ય કારણોમાં વય નિવૃતિ, બઢતી અને અમુક લોકો વોલન્ટરી રિટાયર્મેન્ટ આપી દેવાના કારણોસર જગ્યાઓ ખાલી રહે છે. ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ જી.પી.એસ.સી તથા ગૌણ સેવા પસંદગી મંડળને માંગણા પત્રકો મોકલી આપેલ છે. તથા ઉક્ત જગ્યાઓ ભરવા માટે પ્રાયોરિટી આપવા માટે પણ પત્ર દ્વારા જણાવેલ છે. ઉક્ત બાબતમાં ભરતી પ્રક્રિયાની વિગતો આપવા વિભાગને સમિતિએ જણાવ્યું હતું.

વિભાગના બાકી મહેકમની જગ્યાઓ સત્વરે ભરવા તેમજ તે સંબંધે કરેલ કાર્યવાહીની માહિતી સમિતિને મોકલી આપવા ભલામણ કરીને વિભાગની તપાસ મુલતવી રાખી હતી.

સમિતિની બેઠક બપોરના ૩:૪૧ કલાકે પૂરી થઈ હતી.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર

ચેતન પંડયા,
સચિવ,
ગુજરાત વિધાનસભા.